આંક–૦૬

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

ફરિયાદી :– સરકારી શ્રમ અધિકારી અને કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ અન્વયેના નિરિક્ષક, અમદાવાદ.

: વિરૂધ્ધ :

**આરોપી :–** **રીયા એન્ટરપ્રાઈઝ**
મારફતે:– જોગીંદર યાદવ – પ્રોપરાઈટર
૧લો માળ, એયુ બેંક સામે, કેપીટલ હાઈ સ્ટ્રીટ,
ફુલ બાગ, ભીવાડી, અલવર, રાજસ્થાન.
કામનું સ્થળ:– યાઝાકી ઈન્ડીયા પ્રા.લી.,ભાયલા,
તા. બાવળા, જિ. અમદાવાદ.

ગુન્હો :– સી.એલ.આર.એ.એકટની કલમ–૨૪ મુજબ.

**–: ચૂ કા દો :–**

**(૧)** હાલનો ફોજદારી કેસ અત્રેની અદાલતમાં ચાલે છે. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપીએ કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ અને કોન્ટ્રાકટ મજુર (નિયમત અને નાબૂદી) (ગુજરાત) નિમયો),૧૯૭૨ હેઠળ **નિયમ–૨૧(૧),૭૨, ૭૫, અને ૭૬** નો ભંગ કરેલ હોઈ, જે સંદર્ભે સદરહુ કાયદાની **કલમ ૨૪** હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

**(૨)** ત્યારબાદ આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપીઓ/અધિકૃત વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછવામાં આવેલ જેથી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**(૩)** આરોપીપક્ષે હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ તબકકે નામદાર મદ્રાસ હાઈકોર્ટ સમક્ષમાં એન.રામૈયા વિરુધ્ધ સ્ટેટનો ચુકાદો જોવામાં આવે તો તેમાં આરોપીઓ વતી ઓથોરીટી આધારે જે વ્યકિતને ઓથોરીટી આપેલ હોય તેઓ ગુનાની કબુલાત કરી શકે તેવું ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીપક્ષે ઓથોરીટી આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ

છે. વધુમાં આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ અને કોન્ટ્રાકટ મજુર (નિયમત અને નાબૂદી) (ગુજરા) નિમયો),૧૯૭૨ હેઠળ **નિયમ–૨૧(૧),૭૨, ૭૫, અને ૭૬ નો** ભંગ કરીને તે કાયદાની કલમ–૨૪ મુજબનો ગુન્હો કરેલ છે. તે સંજોગોમાં આરોપી પક્ષ સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીઓએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ઘ્યાને લેતા તથા ગુનો કબુલ કરનારની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧)જી.એલ.આર. પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિઘ્ધાંત ઘ્યાને લેતા તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

-: હુકમ ::-

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ કોન્ટ્રાકટર મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ અન્વયેના નિયમોના **નિયમ–૨૧(૧),૭૨, ૭૫, અને ૭૬** ના ભંગ બદલ સદરહુ કાયદાની કલમ–૨૪ મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક ભંગ બદલ રૂા.૫૦૦/– તેમ કુલ ૪ ભંગના કુલ મળી **રૂા. ૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો આરોપીને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૪/૧૨/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

પ્રદીપકુમાર વસંતલાલ ધીમર
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.
જજ કોડ:જીજે૦૧૪૮૮